# નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી,

## સ્ટેમ્પ અને નોંધણી ભવન,

બીજો માળ, " ખ-૫" સર્કલ, સેક્ટર-૧૪, ગાંધીનગર

ક્રમાંક : ઈજર/વહટ/૧૪૮/૨૦૧૫/૩૦૩૮૫ થી ૩૦૭૦૪ તા.૨૬/૦૮/૨૦૧૬

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી તમામ (ઓનલાઇન)

વિષય – દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયામાં પાન કાર્ડના વેરીફિકેશન બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, હાલમાં સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજુ થતા મિલકતની તબદિલીના દસ્તાવેજોમાં ૧૦ લાખથી વધુની કિંમતના દસ્તાવેજોમાં પક્ષકારોના પાન કાર્ડ લેવાની પ્રથા અમલમાં છે. જે પ્રથામાં સુધારો કરી હવેથી મિલકતની તબદિલીના દસ્તાવેજોમાં ૧૦ લાખથી વધુની કિંમતના દસ્તાવેજોમાં પક્ષકારો દ્વારા પાન કાર્ડ રજુ કરવામાં આવે ત્યારે ઇન્કમટેક્સ વિભાગની વેબસાઇટ http://www.incometaxindiaefiling.gov.in પર Know Your PAN / TAN / A.O લિંક ઉપર ક્લિક કરવાથી ખુલતા પેજ પર માંગેલ સંબંધિત પક્ષકારની જરૂરી વિગતો ભરીને પક્ષકારના મોબાઇલ નંબર પર સિસ્ટમ તરફથી મોકલવામાં આવતા OTP નંબરનો ઉપયોગ કરી સબમિટ કરીને સદર વેબસાઇટની મદદથી પક્ષકારોના પાન કાર્ડ વેરિફાઇ કરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત સુચનાનો ચુસ્તપણે અમલ કરવા બાબતે કોઇ પણ બેદરકારી દાખવવામાં આવશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી આપની રહેશે, જેની નોંધ લેશો.

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના :- નોંધણી નિરીક્ષકશ્રી તમામ (ઓનલાઇન) તરફ જાણ સારૂ તથા આપના તરફથી તાબાના સબ રજીસ્ટ્રારશ્રીઓને જરૂરી સુચના અપાઇ જવા સારૂ.